**સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા**
SPIPA
સફલ પ્રેલ્યુડની સામે, અશ્વરાજ બંગ્લોઝ પાછળ, કોર્પોરેટ રોડ
પ્રહલાદનગર ગાર્ડન પાસે, પ્રહલાદનગર, અમદાવાદ ૩૮૦ ૦૧૫
ફોન: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

સીધી ભરતીના નાયબ મામલતદારની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા
તા.૧૧/૦૪/૧૮ થી તા.૧૩/૦૪/૧૮

પરિપત્ર ક્રમાંક : પરક્ષ/૨૦૧૬/સીધી ભરતી/ના.મામ/પ.પ્ર.
તા.૦૯/૦૩/૧૮

: પરિપત્ર :

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,અમદાવાદ ધ્વારા મહેસુલ વિભાગના સીધી ભરતીના નાયબ મામલતદારોની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા તા.૧૧/૦૪/૧૮ થી તા.૧૩/૦૪/૧૮ દરમ્યાન યોજવાનું નિયત કરવામાં આવેલ છે. આ પરીક્ષામાં બેસવા માટેના ઓળપત્રનો નમુનો પરિશિષ્ટ- 'અ' અને પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ અને હાજરી પત્રક પરિશિષ્ટ- 'બ' આ સાથે સામેલ છે.

સબંધિત કચેરીના વડાઓને જણાવવામાં આવે છે કે તેમની કચેરીના તાબા હેઠળના સબંધિત કર્મચારીઓને પરીક્ષાના કાર્યક્રમની સમયસર જાણ કરવી તેમજ પરીક્ષાની તારીખો દરમ્યાન તેઓને ફરજમુકત કરવા. પરીક્ષાર્થીઓએ નિયત નમૂના(નકલ સામેલ છે) માં ફોટા સહિત હાજરી પત્રક સહ ઓળખપત્રમાં તમામ વિગતો ભરી કચેરીના વડાના સહી-સિકકા સાથે પરીક્ષા સમયે સાથે લાવવાનુ રહેશે.

જે પ્રશ્નપત્રના જવાબ પુસ્તક સાથે રાખીને લખવાના હોય તેમાં પરીક્ષાને લગતા સરકારી પ્રકાશનો તથા ફકત બેરટેક્ષનો જ ઉપયોગ કરવા દેવાની નોંધ પરીક્ષાર્થીઓને ધ્યાને લાવવી..

સ્પીપા ધ્વારા લેવાતી દરેક ખાતાકીય પરીક્ષા તા.૦૧/૦૨/૧૮થી On Line યોજવાનું નિયત થયેલ છે. તદઅનુસાર પ્રસ્તુત પરીક્ષા પરીક્ષાના પ્રશ્નપત્ર-૧ થી ૪ On Line યોજવામાં આવશે. જયારે પ્રશ્નપત્ર-૫ વર્ણનાત્મક પ્રકારનું રહેશે.

**હેતુલક્ષી પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ :-**

(૧) પ્રસ્તુત પરીક્ષામાં કુલ-૫ પ્રશ્નપત્રો રહેશે. દરેક પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનું રહેશે. જે પૈકી પ્રશ્નપત્ર ૧ થી ૪ની પરીક્ષા On Line અને હેતુલક્ષી પ્રકારે યોજાશે. જે ૧ પ્રશ્નના ચાર વિકલ્પ સાથેનું રહેશે.
(૨) પ્રશ્નપત્ર ૧ થી ૪ ના જવાબો On Line આપવાના રહેશે.
(૩) આ પરીક્ષામાં નેગેટીવ માર્કિંગ રદ કરવામાં આવેલ છે.
(૪) પ્રશ્નપત્ર-૫ વર્ણનાત્મક પ્રકારનું હોવાથી તેના જવાબો અલગ ઉત્તરવહી પર આપવાના રહેશે.
(૫) પ્રશ્નપત્ર-૧(૨) Panchayati Raj, structure of Panchayati Raj in Gujarat, its power and limitations માટે પંચાયત અધિનિયમ-૧૯૯૩ અને પ્રશ્નપત્ર-૧(૩ ) Five year plan (Centre and State) and concepts of inclusive growth and sustainable development. માટે વિકાસ વિવરણ ૨૦૧૭-૧૮ ધ્યાને લેવાના રહેશે.

**સૂચના :** આ પરીક્ષામાં મોબાઈલ તથા અન્ય વિજાણુ ઉપકરણોના ઉપયોગ પર પ્રતિબંધ હોવાથી પરીક્ષાર્થીઓએ તેમના મોબાઈલ તથા વિજાણુ ઉપકરણો પરીક્ષાખંડની બહાર પોતાની જવાબદારી પર મૂકવાના રહેશે.

બિડાણ : પરિશિષ્ટ- 'અ', 'બ'

(સોનલ ગવાન્ડે)
નાયબ નિયામક(પરીક્ષા)
સ્પીપા, અમદાવાદ

પ્રતિ,

૧. ઉપસચિવશ્રી, ન શાખા, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. જિલ્લા કલેકટરશ્રી, ..................જાણ તથા જરુરી કાર્યવાહી અર્થે

નકલ રવાના :- નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, મહેસાણા

# પરિશિષ્ટ-અ

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ

પરીક્ષામાં બેસનાર ઉમેદવારનું હાજરીપત્રક સહ ઓળખપત્ર

**આ ઓળખપત્ર જરુરી વિગતો ભરીને પરીક્ષા સમયે અચૂક સાથે લાવવું અને પરીક્ષા ખંડમાં નિરીક્ષકને સોંપવું.**

| | | | |
|---|---|---|---|
| ૧. | પરીક્ષા લેનાર સંસ્થા / તાલીમ કેન્દ્રનું નામ / સરનામું | : | સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ |
| ૨. | પરીક્ષાનું નામ | : | સીધી ભરતીના નાયબ મામલતદારની પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા<br>તા.૧૧/૦૪/૧૮ થી તા.૧૩/૦૪/૧૮ |
| ૩. | પરીક્ષાનું સ્થળ | : | |
| ૪. | પરીક્ષાર્થીનો બેઠક નંબર | : | |
| ૫. | પરીક્ષાર્થીનું પુરું નામ અને હોદ્દો | : | |
| ૬. | પરીક્ષાર્થીની કચેરીનું નામ / સરનામું – ફોન નંબર | : | |
| ૭. | પરીક્ષાર્થીના ઘરનું સરનામું<br>ફોન નંબર તથા મોબાઈલ નંબર | : | |
| ૮. | પરીક્ષાર્થી અનુસૂચિત જાતિ, જનજાતિ ઉમેદવાર છે કે કેમ ? | : | |
| ૯. | કેટલામી તકથી આ પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે. | : | |
| ૧૦ | મુક્તિ મળેલ હોય તો તેની વિગત | : | |

તમારો તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો અહી ચોટાડીને તે ઉપર તમારી સહી કરવી.

કચેરીના વડાની સહી / સિકકો

## <u>પરિશિષ્ટ – બ</u>

પરીક્ષાનો કાર્યક્રમ અને પરીક્ષાર્થી નું હાજરીપત્રક

| ક્રમ | તારીખ | સમય | પ્રશ્નપત્ર | જવાબપોથી નો નંબર | ઉમેદવાર ની સહી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫. | ૬. |
| ૧ | ૧૧/૦૪/૧૮ | ૧૧–૦૦ થી ૧૩–૦૦ | પેપર–૧ (પુસ્તક સાથે) | | |
| ૨ | ૧૧/૦૪/૧૮ | ૧૪–૦૦ થી ૧૬–૦૦ | પેપર–૨ (પુસ્તક સાથે) | | |
| ૩ | ૧૨/૦૪/૧૮ | ૧૧–૦૦ થી ૧૩–૦૦ | પેપર–૩ (પુસ્તક સાથે) | | |
| ૪ | ૧૨/૦૪/૧૮ | ૧૪–૦૦ થી ૧૬–૦૦ | પેપર–૪ (પુસ્તક સાથે) | | |
| ૫ | ૧૩/૦૪/૧૮ | ૧૫–૦૦ થી ૧૭–૦૦ | પેપર–૫ (પુસ્તક વગર) | | |

<u>નોધ</u> :– (૧) જો કોઈ પ્રશ્નપત્રમાં ઉમેદવાર ગેરહાજર રહે તો નિરીક્ષકે કોલમ–૫ માં ગેરહાજર શબ્દ લખી કોલમ–૬ માં સહી કરવી.